# નવકાર મહામંત્ર મહિમા અષ્ટક

જેનો મહાન મહિમા સઘળે ગવાય,
પુણ્યોદયે જન ભજે સહુ કષ્ટ જાય,
શ્રી કલ્પવૃક્ષ મનવાંછિત પુણ્ય કામ,
મંત્રાધિરાજ ! પરમેષ્ઠિ પદે પ્રણામ. ૧

શ્રી શ્વેતવર્ણ અરિહંત સુ-રક્ત સિધ્ધ,
આચાર્ય પીત શુભ વાચક નીલ બધ્ધ,
શ્યામાંગ દિવ્ય મુનિજી અતિ પુણ્ય નામ,
મંત્રાધિરાજ ! પરમેષ્ઠિ પદે પ્રણામ. ૨

સમ્યક્ત્વ ભાવમય દર્શન જ્ઞાન આપે,
ચારિત્ર જ્ઞાન બળથી ભવ દુ:ખ કાપે,
ચારિત્રથી તપ મળે શુભ મુક્તિ ધામ,
મંત્રાધિરાજ ! પરમેષ્ઠિ પદે પ્રણામ. ૩

ચક્કેશ્વરી વિમલદેવ કરે સહાય,
પુણ્ય કૃપામય સુદૃષ્ટિ કદી પમાય,
સર્વોચ્ચ પંચ પરમેષ્ઠિ તણું જ કામ,
મંત્રાધિરાજ! પરમેષ્ઠિ પદે પ્રણામ. ૪

સંગ્રામ-સાગર જલે વિપિને મૂઝાય,
આપત્તિ સિંહ-અહિ-વ્યાઘ્ર તણી જણાય,
ત્યાં દિવ્ય મંત્ર નવકાર અખૂટ કામ,
મંત્રાધિરાજ ! પરમેષ્ઠિ પદે પ્રણામ. ૫

દારિદ્રય-રોગ-જનનાં સહુ કષ્ટ ટાળે,
સંપત્તિ-પુત્ર-વનિતા સુખ માર્ગ વાળે,
એવો મહાન નવકાર સુહર્ષ ધામ,
મંત્રાધિરાજ ! પરમેષ્ઠિ પદે પ્રણામ. ૬

શ્રીપાળ, રાણી મયણા ધરણેન્દ્ર આદિ,
પલ્લિપતિ અમર, કંબલ-શંબલાદિ,
પામ્યા બધા રટણથી શુચિ સિધ્ધિકામ,
મંત્રાધિરાજ ! પરમેષ્ઠિ પદે પ્રણામ. ૭

એવો મહાન શુચિમંત્ર મનુષ્ય પામે,
સંસારના ત્રિવિધ તાપ બધા વિરામે,
દેવેન્દ્ર કિંકર રટે મુખ અષ્ટ યામ,
મંત્રાધિરાજ ! પરમેષ્ઠિ પદે પ્રણામ. ૮

મહામંત્ર નવકારના પ્રભાવને સરળ અને સુગમ શૈલીમાં સ-રસ ભાષામાં અહીં વાચા આપી છે. શબ્દો સમજાય એવા છે. પરિવારના સભ્યો સાથે બેસી આ અષ્ટકનું ગાન કરે તો ઘરમાં દિવ્ય વાતાવરણ પ્રસરે. **'મંત્રાધિરાજ પરમેષ્ઠિ પદે પ્રણામ' નો શબ્દઘોષ વિશેષ લાભકર્તા છે.**

**પરિવારના આપસના સંબંધો સંપીલા, મધુર અને સુખમય રાખવા આવા અપાર્થિવ તત્ત્વની આવશ્યકતા હોય છે જ.**

આ અષ્ટકના શબ્દો પાછળના ભાવમાં ડૂબકી મારવાથી ભાવલોકની ઝલક લાધે છે, રોજ રોજ આવા શબ્દોના સેતુ દ્વારા અગોચર તત્ત્વ સાથે અનુસંધાન રચાય તે જરૂરી છે. અનુસંધાન માટે શબ્દો સહાયક છે.

કવિ શ્રી મનોજ ખંડેરિયાએ કહ્યું છે :
**મને સદ્ભાગ્ય કે શબ્દો મળ્યા તારે નગર જાવા;**
**ચરણ લઈ દોડવા બેસું, વરસો ના વરસ લાગે.**

અગમના એ લોકમાં ચરણ લઈને તો ક્યાં પહોંચાય ?
શબ્દો એ સોગાદ છે, તેથી આવા શબ્દો દ્વારા શબ્દાતીત સાથે મેળાપ કરી લેવો જોઈએ.

**- પરમ પૂજ્ય આચાર્ય શ્રી પ્રદ્યુમ્ન સૂરિ મહારાજ**
**પાઠશાળા ગ્રંથ-૧ નો વિભાગ ૨ – પ્રાર્થના**

# વિચાર કરવાની કળા

આધુનિક મનોવિજ્ઞાને "ટેલિપથી" એવું નામકરણ હમણાં કર્યું પણ મનોમન વિચારનું આવાગમન તો યુગોથી થતું રહ્યું છે. મનમાં જે સૂક્ષ્મ વિચાર-તરંગ જાગ્યો તે, વીજળી વેગે એના લક્ષ્યને એટલે કે સામી વ્યક્તિને સ્પર્શે છે. સૂક્ષ્મતા જેમ વધુ તેમ તેની શક્તિ વધુ. **મનોગત ભાવને પ્રગટ કરવાના જે માધ્યમ છે તેમાં સૌથી વધુ સૂક્ષ્મ અને શક્તિશાળી માધ્યમ સંકલ્પ છે.**

સ્થૂળતાથી શરૂ કરીએ તો, પહેલાં "શબ્દ" છે, તેનાથી સૂક્ષ્મ "સ્પર્શ" છે. સ્પર્શ દ્વારા આપણા મનોગત ભાવ સામી વ્યક્તિમાં સંક્રાંત થાય છે. કેટલાક યોગીઓનો તો માત્ર દષ્ટિપાત પણ સામી વ્યક્તિમાં સોંસરો ઊતરી જાય છે. આ બધાથી ઉપર છે "સંકલ્પ".

**સબળ સંકલ્પ મનની સમગ્ર શક્તિને કેન્દ્રિત કરીને એક જ લક્ષ તરફ એકાગ્ર કરવામાં આવે તો તે સંકલ્પ તત્ક્ષણે જ પરિણામ દર્શાવે છે.** ભાવ તેવું પરિણામ. મનમાં કોઈ ભાવાત્મક વિચાર નિરંતર ચાલતા જ હોય છે. તે શુભ ભાવ સ્વરૂપ હોય અથવા અશુભ ભાવ સ્વરૂપ પણ હોય. આમ શુભ અશુભ સ્વરૂપ વિચારને સ્વાધીન હોય તો શુભભાવ સ્વરૂપ વિચાર કેમ ન કરવા ?

પણ ના, એ વિચાર સ્વાધીન થોડા છે ? હકીકતે તો અશુભ વિચારો જ વધુ તીવ્ર વેગે આવતા રહે છે ! **આપણે સત્‌ની ઇચ્છા ભલે કરતાં હોઈશું, વાવેતર તો અસત્‌ના બીજનું જ કરતા રહીએ છીએ.**

આ આપણામાં રહેલા નકારાત્મક અભિગમનું ફળ છે. આપણને સત્ કરતાં અસત્ પર વધુ શ્રધ્ધા છે ! **જગતનું મંગળ કરનાર ભગવાનનું નામ લીધું છે માટે આપણો દિવસ સારો જશે આવી શ્રધ્ધા નથી હોતી** પણ, સાયલા ગામનું નામ લીધું એટલે ખાવાનું મોડું મળશે એવી "શ્રધ્ધા" દૃઢ હોય છે !

આવી નકારાત્મક વિચારધારા નિષ્ફળતાને નોતરે છે. વળી નકારાત્મક વિચારોની વિપુલતા અને પ્રબળતાને કારણે થોડીઘણી હકારાત્મક વિચારધારા હોય તે પણ દબાઈ જાય છે.

એ પ્રસંગ આ વાતને પ્રકાશ આપશે :

જૂના જમાનાની વાત છે. એક રાજ્યમાં રાજા અને પ્રજા વચ્ચે પિતા-પુત્ર જેવા મીઠાં સંબંધો હતા. હક્ક કરતાં ફરજોનું ભાન બન્ને પક્ષે વધુ હતું. પ્રજાના દિલમાં રાજા પ્રત્યે સમર્પણ ભાવ હતો. રોજ દરબાર ભરાતો અને રાજા પ્રજાને મળતા, એમનાં સુખ-દુઃખની કાળજી કરતા. સભામાં સહુકોઈ પ્રજાજન આવી શકતાં.

**"સભામાં શ્રીમંતો, અમીર, ઉમરાવો, અનુચરો**
**અને આવે બીજા બહુ નગરના યોગ્ય પુરુષો"**

આ બધા પ્રજાજનો આવતા તેમાં એક વણિક વેપારી પણ આવે. તે જેવો સભામંડપમાં પ્રવેશ કરે કે તેને જોતાવેંત રાજાના વિચારોમાં ફેરફાર થતા. આંખનાં અમી સુકાવા લાગે અને આગ વરસવા લાગે ! **બધાનું કલ્યાણ ઇચ્છનાર રાજાના મનમાં એના પ્રત્યે વિરોધી ભાવ જાગતા. આવું રોજ થતું.** રોજ એ વેપારી સભામાં પ્રવેશે કે રાજા કાળઝાળ થઈ ઊઠે !

રાજા કંટાળ્યો. આ શું ? આવું કેમ ચાલે ? આનો ઉપાય કરવો જોઈએ. કોને કહેવું ? મંત્રી સાંભર્યો. રાજાએ મંત્રીને એકાંતમાં બોલાવી પેટછૂટી વાત કહી. ઉકેલની તાકીદ કરી. મંત્રીએ છ મહિનાની અવધ માંગી. રાજાનું મન કાંઈક હળવું થયું. **ચિંતામાં બીજી વ્યક્તિ ભાગીદાર બને કે તરત જ થોડી રાહતનો અનુભવ થાય છે.**

કોઈની નિકટ જવાનો સૌથી સરળ રસ્તો છે મૈત્રી. કોઈના હૃદયમાં પ્રવેશવાનો અધિકાર માત્ર મિત્રને મળે છે. રાજાએ અંગુલિનિર્દેશ કરી જે વ્યક્તિ બતાવી એની તરફ મંત્રીએ દોસ્તી કરવા માટે કદમ ઉપાડ્યા.

**મિત્ર બનવાની શરૂઆત સ્મિતથી જ થાય ને ! સ્મિત સાથે બોલાયેલા શબ્દોમાં આપોઆપ મીઠાશ આવી જાય. હૈયાની મીઠાશથી બોલાયેલા શબ્દો બધાને ગમે.**

મંત્રી મિત્ર બનવા માંગતો હોય એને કોણ ન આવકારે ? વેપારીએ મંત્રીના હાથને પ્રેમથી સ્વીકાર્યો. મૈત્રી પારંગતી જાય તેમ આદાન-પ્રદાનનો દોર ચાલુ થઈ જાય. **પ્રીતિનાં છ લક્ષણો છે : આપે, આપેલું લે, ગુપ્ત વાત કહે અને પૂછે, જમે અને જમાડે.**

ઉનાળાના દિવસો હતા. મંત્રીએ વેપારીને જમવા માટે નોંતરું આપ્યું. વેપારીએ સ્વીકારતાં કહ્યું : મારે માટે ધન્યભાગ્ય છે. આપ પણ મારા ઘરે જમવા આવવાનું નિમંત્રણ સ્વીકારો. મંત્રી પણ આવું જ કંઇ ઇચ્છતા હતા. વેપારી અને એના પરિવારની ખૂબ આગતા-સ્વાગતા કરી મંત્રીએ વેપારીને ચકિત કરી દીધો. વેપારીએ ધન્યતા અનુભવી.

થોડા દિવસ પછી વેપારીએ મંત્રીને નિમંત્ર્યા. વેપારીએ વળતી મહેમાનગત કરવામાં મણા ન રાખી. જમ્યા પછી બેઉ મિત્રો બહાર વરંડામાં હીંચકે બેસી હળવી પળો માણતા હતા. એવામાં મંત્રીની નજર ફળિયામાં એક ખૂણામાં પડેલા લાકડાના મોટા ઢગલા પર પડી. એ લાકડાના ગંજમાંથી ભારે સુગંધ આવી રહી હતી. સહજ રીતે મંત્રીએ પૂછ્યું : આ શું છે ?

વેપારી આ અચાનક પ્રશ્નથી સાવધ થઈ બોલ્યો : તે ચંદન કાષ્ઠનો ઢગલો છે. એકવાર હું મલબાર ગયો હતો ત્યાં ચંદન સાવ સસ્તાભાવે મળતું હતું. મને સારો નફો મળશે એ આશાએ મોટો જથ્થો ખરીદી લાવ્યો. અહીં એ પ્રમાણે વેચાયું નહીં. મારી મૂડી અટવાઈ ગઈ. આટલું ચંદન કોણ ખરીદે ? મને દિવસ-રાત આ જ ચિંતા કોરે છે ચેન પડતું નથી.

**“પામે જો ભૂપ મૃત્યુ તો ચિતા ચંદનની બને,**
**તે વિના કોઇ રીતે આ માલ મોંઘો નહીં ખપે.”**

વણિક વેપારીને ચંદન ખપાવવાનો આ એક જ રસ્તો દેખાતો હતો.એ વિચારની ધૂનમાં બીજો કોઈ રસ્તો હોય એવી કલ્પના ક્યાંથી આવે ? મંત્રી પાસે બોલતાં બોલાઈ ગયું.

મનના ખૂણે પડેલી વાત ઊછળીને બહાર આવી ગઈ. તરત ખ્યાલ આવ્યો : શું બોલાઈ ગયું ? સાવધ થયો. આ તો મિત્ર છે. કહ્યું : આ વાત અહીં જ દાટજો.

મંત્રી ઠવકાઈથી કહે : ફિકર ન કરો.

મનમાં થયું, કારણ પકડાઈ ગયું. પછી બીજી ત્રીજી વાત કરી, વિદાય લીધી.
બેએક દિવસ પછી રાજ્યના કામે અમુક બાબતમાં સલાહ લેવી જરૂરી હતી. તે બપોરે જ મંત્રી રાજા પાસે ગયો. ઉનાળાના દિવસો હતા, બપોરનો ધોમ ધખતો હતો. શેરીઓ સાવ સુમસામ હતી. "ચકલું ન ફરકે, જાણે ધોળે દિવસે ધાડ." એવું વાતાવરણ હતું. રાજા તાપથી આકળ વિકળ થતા હતા. ખસની ભીની ચટાઈઓ બારીએ અને ઝરુખે લટકતી હતી. સેવકો તેના પર થોડી થોડી વારે ગુલાબજળનો છંટકાવ કરતા હતા. રાજાએ મંત્રીની વાત સાંભળી ઉતાવળે સલાહ આપી. પછી કહે : આ ગરમીનો કાંઈક ઉપાય કરવો જોઈએ, મહેલમાં એકાદ ખંડ ચંદનનો હોય તો ઠંડકનો અનુભવ થાય અને શાતા વળે.

મંત્રીએ સત્વર કહ્યું : રાજન, આપની ઇચ્છા થઈ છે તો જરૂર એ બની જશે. "પુણ્યવંતને ઇચ્છા માત્ર વિલંબ." રાજા કહે : થઈ જશે કહો છે પણ તે તો આવતે ઉનાળે ખપમાં આવે. મંત્રી કહે : તુર્ત જ કરાવી દઉં.

વળતે દિવસે સવારમાં જ વેપારીને કહેવરાવ્યું : તમારા ફળિયામાં જેટલું ચંદન છે તે બધું જ રાજદરબારે મોકલી આપો, સાથે તેની કિંમત પણ જણાવજો, જે કંઈ વ્યાજ ચડ્યું હોય તે પણ ઉમેરજો. વેપારી આ જાણી રાજીના રેડ થઈ ગયો. એને થયું, કોઈ માઠા સમાચાર તો નથી. તો પછી આટલા બધાં ચંદનની તે શી જરૂર પડી હશે ? પણ મારે વિચારવાનું શું કામ છે ? દામ મળે છે પછી શું ?

ચંદન રાજ દરબારે પહોંચી ગયું. સુથારે એનું કામ શરૂ કરી દીધુ. વેપારીને પૂરતા પૈસા મળી ગયા. એનું મન હળવું થઈ ગયું. ચિંતા ટળી ગઈ. મનમાંથી રાજાના મૃત્યુનો વિચાર ગયો. **વાદળ વરસી જાય કે વિખરાઈ જાય પણ તે પછી તો સૂરજનો પ્રકાશ મળે છે!**

પછી રાબેતા મુજબ તે વેપારી રાજસભામાં ગયો. રાજાએ તેને જોયો. રાજાના મનમાં સહજ પ્રસન્નતાનો અનુભવ થયો. આશ્ચર્ય થયું. સભા બરખાસ્ત થયા બાદ મંત્રીને આ પૂછ્યું :

તમે કંઈક કર્યું જણાય છે ! મંત્રી કહે : આપણે પરિણામ સાથે નિસ્બત છે. આપે સોંપેલું કામ થઈ ગયું.

આ કથાનો સાર મહત્ત્વનો છે.

આપણાં ચંદન વેચવા માટે કોઈની ચિતા ખડકવાની જરૂર નથી. **આપણા સુખને માટે કોઈને દુઃખ દેવાનો વિચાર ન કરવો જોઈએ. કોઈને દુઃખી કરવાનો વિચાર કરીએ છીએ ત્યારે એ આપણે વાવેલું જ દુઃખ આપણને પાછું મળે છે.** આપણો જ વિચાર આપણા તરફ પાછો વળે છે. મનના વિચારોની સૂક્ષ્મ અસર થાય છે. શુભ હોય કે અશુભ, મનના વિચારોની અસર થવાની જ.

**આપણને શુભ વિચારો જ જોઈએ છે, તો શુભ વિચારો જ ફેલાવવા. સર્વ દિશાએથી આવતા શુભ વિચારો ઝીલવા એ જ આપણું કર્તવ્ય.**

**- પરમ પૂજ્ય આચાર્ય શ્રી પ્રદ્યુમ્ન સૂરિ મહારાજ**
**પાઠશાળા અંક ૦૨**

નોંધ : આ કથામાં આવેલ પંક્તિઓ કવિ દામોદરદાસ ખુશાલદાસ બોટાદકર રચિત ખંડકાવ્ય "ચંદન" ની છે. આખું કાવ્ય https://gu.wikisource.org/wiki/ચંદન પેજ પર છે.